ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૫૬ ટકા

# શહેરમાં સ્કૂલ વર્ધીનો વ્યવસાય થંભી ગયો


## ફકત આ વ્યવસાયની આવકથી ઘર ચલાવનાર ખેતી, શટલ રીક્ષા અને મજુરી કામ કરી રહ્યા છે : અમુક નવી નોકરીની શોધમાં : રોજના દૂધના પૈસા સાથે વાહનની લોન ભરવાના પૈસા નથી : વ્યાજ કયાંથી ભરાશે?

ગાંધીનગર, તા.૧૫

લોકડાઉનની અસર દેશ-દુનિયાના તમામ ક્ષેત્રમાં થઈ છે. મોટા મોટા ધંધા-વેપાર સાથે નાના ગૃહ ઉદ્યોગો તથા રૂટિનમાં ચાલતા કામધંધા હાલ પડી ભાંગ્યા છે. અલગ અલગ રીતે બધે જ અસર હાલના દિવસોમાં વર્તાઈ રહી છે ત્યારે શહેરમાં સ્કૂલ વર્ધી કરનારાઓની હાલત હાલ કફોડી બની છે. નગરમાં લગભગ ૮૦ ટકા વાહનચાલકો સ્કૂલ વર્ધીની આવક ઉપર નિર્ભર છે. નગરની કાર્મેલ-કડી, ગુરૂકુળ, આરાધના, ચૌધરી, હીલવુડ જેવી શાળાના બાળકો સ્કૂલવર્ધીની વાન કે રીક્ષામાં જતા હતા.




સ્કૂલ વર્ધીના વ્યવસાય સાથે જોડાયેલ રીક્ષા અને વાનચાલકોને પૂછતા તેઓ જણાવે છે કે અમુક તો પોતાનું ઘર જ આ વ્યવસાય ઉપર ચલાવે છે અને આ વ્યવસાય હાલ શાળા બંધ થઈ જતા પડી ભાંગ્યો છે અને હજી ખબર નથી કે શાળાઓ કયારે શરૂ થશે? હવે આ ધંધા સાથે જોડાયેલ લગભગ ૮૦ ટકાથી વધુનું ઘર આ વ્યવસાયથી જ ચાલે છે. લોકડાઉનનો એક મહિનો તો ગમે તેમ કરીને નીકળ્યો પરંતુ ત્યારબાદ ઘરમાં કદાચ કરીયાણું ભરાઈ ગયું હોય પરંતુ દરરોજના દૂધ અને શાકના પૈસા લાવવા કયાંથી એટલે અમુક પોતાના ગામડે પાછા ફરી ખેતી કરે છે. અમુક હાલના દિવસોમાં લોકડાઉન ખૂલી જતા રીક્ષાના ફેરા કરે છે અને અમુક હજી નાની મોટી નોકરીની શોધમાં છે. ઘણાએ પોતાના વાહનની લોન સાથે વાહન ઉપર ઘરની લોન લીધેલી છે તેમને માથે વ્યાજ વધતું જાય છે. ઉપરથી ખાવા પીવાના પૈસા નથી. અમુક ભલા વાલીઓએ પાછલા બે મહિનાના પૈસા આપીને અમને મદદ કરી છે. પરંતુ હવેના દિવસો કાઢવા કઠીન છે. ઘણાએ પોતાનું ઘર ચલાવવા માટે પોતાના દાગીના ગીરવે મુકયા છે. બીજો ધંધો કરવાનો વિચાર આવે પણ હવે આ પરિસ્થિતમાં નવું થાય શું? જે પાછલા પંદરથી વીસ વર્ષથી આ ક્ષેત્ર સાથે જોડાયેલા છે તેમને નવા કોઈ ધંધામાં ફાવટ આવે તેવું છે પણ નહિ. અમુક શાળા જેવી કે એચિવર, રેડીયન્ટ, ઈન્ફોસીટી કે જેઓએ સ્કૂલ બસ ને કોન્ટ્રાકટ પર રાખી હોય તે એજન્સીને પણ શાળા દ્વારા કોઈ પેમેન્ટ ચુકવવામાં આવ્યું નથી. એજન્સીને પેમેન્ટ ન મળતા તેઓએ ડ્રાઈવરોને પૈસાની ચૂકવણી નથી કરી. આમ, દરેકને હાલ પૈસા મેળવવા માટે દોડાદોડી કરવી પડી રહી છે. જેમણે પોતાની ગાડી કે રીક્ષા છે તેઓએ લોન પર જ લીધી છે તેઓ પાસે ઘરખર્ચના પૈસા નથી હવે લોન તો કયાંથી ભરશે? અને લોનનું વ્યાજ? તે વિશે હજી વિચારવું રહ્યું....!!!



સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ઓનલાઈન વાનગી તથા ક્રિએટીવ વસ્તુ બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી.જેમાં વાગની સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ ક્રમે અલ્પાબેન ગોર, દ્વિતિય ક્રમે અંતરકુંવરબા, તૃતીય ક્રમે દેવીબેન શુકલ અને ભગવતીબેન ભટ્ટ આવ્યા હતા તથા ક્રિએટીવ વસ્તુ બનાવવાની સ્પર્ધામાં પ્રથમ અંતરકુંવરબા, દ્વિતિય દેવીબેન શુકલ અને તૃતીય ક્રમે અલ્પાબેન ગોર આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# કોરોના વોરિયર ૧૦૮ એમ્બ્યુલન્સના પાયલોટ પ્રતિક વ્યાસ કોરોના મુક્ત થઈને ઘરે પરત ફરતાં ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં ૧૦૮ એમ્બ્યુલન્સના પાયલોટ તરીકે ફરજ બજાવતા કોરોના વોરિયર પ્રતિક વ્યાસનો ગત તા. ૬ઠ્ઠી જૂનના રોજ કોરોના ટેસ્ટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદિક કોલેજ બનાવાયેલા કોવિદ-૧૯ સારવાર કેન્દ્રમાં રાખવામા આવ્યા હતા આજે પ્રતિક વ્યાસ કોરોના મુક્ત થઈને ઘરે પરત ફરતાં તેમના ધર્મપત્ની ડીમ્પલબેન, તેમની બંને દીકરીઓ તથા માતા-પિતા સહિત ગ્રામજનોએ પણ હર્ષોલ્લાસથી ઢોલ-નગારા વગાડી પુષ્પવર્ષા સાથે તેમનું સ્વાગત કર્યું હતું. આ દરમ્યાન તેમની દીકરી અને ભાણીએ ઉત્સાહથી નૃત્ય કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે



પાયલોટ પ્રતિક વ્યાસ ફરજ દરમ્યાન તેઓ કોરોના દર્દીને હોસ્પિટલ પહોચાડવાથી માંડીને નાગરિકોના કોરોના મહામારી અંગે જાણકારી તથા કોરોનાથી બચવા રાખવા જેવી સાવચેતી અંગે માર્ગદર્શન આપવાનું કામ પણ કરતાં હતા. આ દરમ્યાન તેઓ પોતે કોરોના સંક્રમણનો ભોગ બન્યા હતા પરંતુ તેઓ ખૂબ ઝડપથી તેમાથી સ્વસ્થ થઈ જતાં તેમણે દસ દિવસમાં રજા આપી દેવામાં આવી હતી. સારવાર દરમ્યાન ૧૦૮ ઈમર્જન્સી સેવાના અધિકારીઓએ પણ તેમની મુલાકાત લઈને શુભેચ્છાઓ પાઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે જાસપુર ગામના તળાવમાં કાર સાથે ખાબકેલા શાહીબાગના એક વેપારીનો જીવ પ્રતિક વ્યાસે પોતાના જીવના જોખમે કમરે દોરડું બાંધી તળાવમાં ઉતરીને બચાવ્યો હતો. હવે પ્રતિક વ્યાસ ૧૪ દિવસ હોમ ક્વોરોન્ટાઈન રહેશે ત્યાર બાદ ફરી પોતાની ફરજ પર હાજર થશે.

# યુવકની રીક્ષા અને મોબાઈલ લુંટી લેનાર આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીગનર શહેરના ઘ માર્ગ પર સેકટર-૨૩ જવાના કટ પાસે મોબાઈલ એસેસરીઝનો વેપાર કરતા યુવકની રીક્ષા અને મોબાઈલ લુંટી લેનાર આરોપીને પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. ગાંધીનગર એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોલવડાથી ગાંધીનગર તરફ આવતા ટાટા ચોકડી પાસે રીક્ષા પકડી પાડી હતી. રીક્ષા ચાલકનું નામ પુછતા તેણે અશ્વિન મહેન્દ્ર રાઠોડ હોવાનુ ધ્યાને આવ્યું હતું. પોલીસે તેની પુછતાછ કરતા તેણે ૧૨ જુનના રોજ પેથાપુરના યુવક પાસેથી રીક્ષા અને મોબાઈલની લુંટ કરી હોવાની કબુલાત કરી હતી. ઉલ્લેખનીય છે કે પેથાપુરનો યુવક ઈલેશ વાઘેલા સે-૨૩ જવાના કટ પાસે મોબાઈલ એસેસરીઝનો વેપાર કરે છે. તેની પાસે અવરજવર માટે જી.જે.૧૮.એ.વાય.-૦૦૮૬ નંબરની રીક્ષા હતી. શુક્વારના રોજ બપોરે અશ્વિન તેની પાસે આવ્યો હતો. જેણે યુવકને રીક્ષામાં મુકવા આવવાનું કહ્યું હતું. ધંધાનો સમય હોવાથી યુવકે ના પાડી હતી, ઉશ્કેરાયેલા અશ્વિને મારી નાંખવાની ધમકી આપી મોબાઈલ અને રીક્ષાની ચાવી લઈ લીધી હતી.





આ વર્ષે ગાંધીનગરમાં ભૂવા પડવાના બનાવો વધ્યા છે. શહેરમાં ઠેર ઠેર સ્ટ્રોમવોટર પાઈપલાઈન નાંખવામાં આવી છે પરંતુ તેનું પુરાણ કરવામાં કચાશ રહી ગઈ હોવાથી પહેલા વરસાદમાં જ ઠેર ઠેર મસ મોટા ખાડા પડવાના અને ભૂવા પડવાના બનાવો બની રહ્યા છે. ખાડા પડવાના બનાવોની ફરિયાદ વધતા ડેપ્યુટી મેયર નાજાભાઈએ તંત્ર સાથે રહી ખાડા પૂરવાનું અભિયાન શરુ કર્યુ છે. સેકટર-૨૪માં તેઓએ ખાડા પુરાવ્યા હતા અને પડી ગયેલા વૃક્ષો હટાવી કચરાનો નિકાલ કરાવ્યો હતો.

# દિકરા-દિકરીઓને સરકારી નોકરીની લાલચ આપી શહેરના લેબર કોન્ટ્રાકટર સાથે ૧.૫ કરોડની છેતરપિંડી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા લેબર કોન્ટ્રાકટર સાથે ઠગ દંપતિએ રૂ. ૧.૫ કરોડની ઠગાઈ કરી છે. કોન્ટ્રાકટરની બે દિકરી અને એક દિકરાને સરકારી નોકરી અપાવવાની લાલચ આપીને દંપતિએ એક કરોડથી વધુની છેંતરપિંડી આચરી છે. દોઢ વર્ષના ટુંકા ગાળામાં કોન્ટ્રાકટરે ટુકડે-ટુકડે રૂપીયાની ચુકવણી કરી હતી. બનાવ અંગે લેબર કોન્ટ્રાકટરની ફરીયાદને પગલે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંદી ઠગ દંપતિને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીગનર શહેરના સેકટર-૨૬ પ્લોટ નં. ૭૧૩-૨ ખાતે રહેતા કિશોરભાઈ હરજીવનભાઈ પ્રજાપતિ (ઉં.૫૩) લેબર કોન્ટ્રાકટરનો વ્યવસાય કરે છે અને પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં બે દિકરી અને એક દિકરો છે. વર્ષ ૨૦૧૪ માં ફરીયાદીની નાની દિકરી અમદાવાદ ખાતે વોડાફોનમાં નોકરી કરતી હતી. ત્યારે તેની સાથે રીન્કુ ઉર્ફે આરતી અને તેનો પતિ ભરત સોમાભાઈ પટેલ નોકરી કરતા હતા. એક સાથે નોકરી કરતા હોવાથી પરિચય થતા આરતી બેન અને તેનો પતિ ભરતભાઈ અવારનવાર અમારા ઘરે આવતા જતા હતા. આ સમયે ભરત પટેલે કોઈને સરકારી નોકરી માં જોડાવાની ઈચ્છા હોય તો ખુબ સારી ઓળખાણ છે. જેથી કિશોરભાઈએ બે દિકરી અને એક દિકરાને સરકારી નોકરીમાં લગાવવા અંગે વાત કરી હતી. થોડા સમય પછી ભરત પટેલે ફરીયાદીની મોટી દિકરીને યુનિયન બેંક, નાની દિકરીને પોસ્ટલ વિભાગ અને દિકરાને ઈસરોમાં નોકરી અપાવવાની વાત કરી હતી. જો કે તે માટે રૂપીયા ખર્ચવાની વાત કરીને નોકરી ન મળે તો પૈસા પાછા આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. ત્યારબાદ ભરત પટેલે દોઢ વર્ષના ટુંકા ગાળામાં ટુકડે-ટુકડે રૂ,૧,૦૫,૫૬,૬૧૭ પડાવ્યા હતા. સંતોનોને નોકરી ન મળતા ફરીયાદીએ પૈસા પરત માંગતા દંપતિએ સંપર્કો ઓછા કરી નાંખ્યા હતા અને ફોન પણ ઉપાડતા ન હતા. ફરીયાદી અમદાવાદ ખાતેના ઘરે જતા ભરત પટેલ પૈસા પરત આપવાનો ભરોસો આપીને વાયદા આપતા હતા. પરંતુ રૂપીયા પરત આપતા ન હતા, જયારે ઠગ દંપતિએ છેલ્લે હવે રૂપીયા માંગશો તો કોઈને જીવતા નહીં છોડીએ તેવી ધમકી પણ આપી હતી. જેથી કિશોરભાઈ પ્રજાપતિએ આ અંગે ગાંધીનગર જિલ્લા પોલીસ વડાને અરજી કરી હતી. જેની પ્રાથમિક તપાસ બાદ આ મુદ્દે સોકટર-૨૧ પોલીસ મથકે ગુનોં નોંધાયો છે. જેનો પગલે સોકટર-૨૧ પીએસઆઈ એ.જે.શાહે વધુ તપાસ હાથ ધરી છે.

**ધો.૧૨ સામાન્ય પ્રવાહના પરિણામમાં**

# આ વર્ષે અંગ્રેજી, એકાઉન્ટ, સ્ટેટિસ્ટિક અને કોમ્પ્યુટરમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આજે જાહેર થયું છે. જેમાં અંગ્રેજી, એકાઉન્ટ, સ્ટેટિસ્ટિક અને કોમ્પ્યુટર વિષયમાં સૌથી વધુ વિદ્યાર્થીઓ નાપાસ થયા છે. અંગ્રેજી(સેકન્ડ લેંગ્વેજ)માં ૩૬૫૭૯, સ્ટેટિસ્ટિકમાં ૨૮૦૭૬, એકાઉન્ટમાં ૨૪૩૫૬, કોમ્પ્યુટરમાં ૧૫૦૬૧, ઓઆરજી ઓફ કોમર્સમાં ૧૬૮૨૩, અર્થશાસ્ત્રમાં ૧૧૬૩૬, ગુજરાતીમાં ૭૦૦૯ જેટલા વિદ્યાર્થીઓ નાપાસ થયા છે.

૩.૭૧ લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨.૮૩ લાખ વિદ્યાર્થીઓ પાસ થયા છે. સૌથી વધુ પરિણામ પાટણ જિલ્લાનું ૮૬.૬૭ ટકા આવ્યું છે જ્યારે સૌથી ઓછું પરિણામ જુનાગઢનું ૫૮.૨૬ ટકા આવ્યું છે. આ વર્ષે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીનીઓએ બાજી મારી છે. પરીક્ષામાં ૮૨.૨૦ ટકા વિદ્યાર્થીનીઓ અને ૭૦.૯૭ ટકા વિદ્યાર્થીઓ પાસ થયા છે. સાથે જ ગત વર્ષ કરતા ૩ ટકા પરિણામ વધુ આવ્યું છે. ૨૦૧૯માં ૭૩.૨૭% પરિણામ આવ્યું હતું જ્યારે આ વર્ષે ૭૬.૨૯% પરિણામ જાહેર થયું છે. બીજીતરફ ત્રણેય રિઝલ્ટમાં સુરતના વિદ્યાર્થીઓ જ આખા રાજ્યમાં ટોપ પર રહ્યા છે.

# આ ૨૦૨૦માં ખાલી વિકેટ ટકાવી રાખજો....રન તો ૨૦૨૧માં મારી લેશું!!

ગાંધીનગર, તા.૧૫

વર્ષ ૨૦૨૦નો જ્યારથી પ્રારંભ થયો છે ત્યારથી શુભ સમાચાર ઓછા અને અશુભ સમાચાર વધુ મળી રહ્યા છે. એક તરફ કોરોના મહામારીએ એવો ભરડો લીધો છે કે પાંચ પાંચ માસ વીતવા છતાં તેનો અંત આવવાનો તો દૂર રહ્યો પરંતુ તેનો પ્રકોપ રાજકુમારીની જેમ દિવસે નથી વધતો એટલો રાત્રે વધે છે, બીજી તરફ વાવાઝોડું અને ફરી તીડનું આક્રમણ.. રહી જતું હતું તો હવે ધરતીકંપ પણ આવી ગયો... હવે આ સ્થિતિમાં નાગરિકોએ જવું ક્યાં? જો કે આટલી વિષમ પરિસ્થિતની પણ નાગરિકો સોશિયલ મીડિયા પર હળવાશથી મજાક કરવાનું ચુકતા નથી, હવે એને બેફિકરાઈ ગણવી કે સોશિયલ મીડિયાનો અતિરેક ગણવો એજ ખબર નથી પડતી.. એ જે હોય એ પણ છેલ્લે ભૂકંપ આવ્યા પછી નેટિઝન્સે શે’ર કરેલા ચબરકીયા માણવા જેવા જરૂર છે...

●●●

ભૂરો ભૂકંપનાં આંચકા પછી ૫ મિનિટ પછી ઘરની બહાર નીકળ્યો..

મેં પૂછ્યું કેમ આટલો મોડો?

ભૂરો કહે...માસ્ક શોધતો હતો.

●●●

મિત્રો હવે મંગળ પર પ્લોટ બુક કરાવવો પડશે...

પૃથ્વી પર કોરોના. ઉપરથી વરસાદ અને નીચેથી ધરતીકંપ એટલે મજા નથી આવતી...!!!

જવું તો ક્યાં જવું?

●●●

મોત મિસકોલ મારી ને જતું રહ્યું...!

●●●

ભૂકંપ+કોરોના=ભૂકો

●●●

કાલે જ ૩૧મી ડિસેમ્બર જાહેર કરીને ૨૦૨૦ને વધાવી ને વર્ષ પુરું કરો...

હવે નથી જીરવાતું... કોરાના, વરસાદ અને ધરતીકંપ

●●●

ધરતીકંપ આવ્યો ત્યારે પહેલા તો એજ નહોતું સમજાતું કે..
ચપ્પલ શોધું કે માસ્ક?

●●●

બ્રેકીંગ ન્યુઝ....
ધરતીકંપ આવવા પાછળ કોરોના નો હાથ હોવાની શંકા...
લોકોને ફરજીયાત ઘરની બહાર કાઢવાનું ષડયંત્ર

●●●

૨૦૨૦માં વધતા અણબનાવોને ધ્યાનમાં રાખી કાલથી ૨૦૨૧ ગણવું

●●●

હું તો ચેક કરવા આવ્યો હતો..
ખાલી કોરોનાનો જ ડર છે કે મારાથી લોકો આજે પણ ડરે છે
- લિ. ધરતીકંપ

●●●

સરકારશ્રીને અરજ છે કે કાલે જ ૩૧મી ડિસેમ્બર જાહેર કરીને ૨૦૨૦ને વિદાય આપી દો...

સાલું નથી જીરવાતું...

●●●

પહેલીવાર ટીવી મિડીયાવાળા ટેન્સનમાં આવી ગયા....
શું દેખાડવું ?
કોરોનાનું દેખાડવું....
વાવાઝોડાનું દેખાડવું....
વરસાદનું દેખાડવું...
સુશાંતસિંહનું દેખાડવું...
તીડનું દેખાડવું...
કે
ભુકંપનું દેખાડવું....

●●●

અગાસી પર સૂઈએ તો વરસાદ આવે, ઘરમાં રહો તો ભુકંપ આવે, બહાર નીકળીએ તો કોરોના લાગે..... હવે આ ૨૦૨૦માં જવું કયા?

●●●

૨૦૨૦માં ખાલી વિકેટ ટકાવી રાખજો....
રન તો ૨૦૨૧માં મારી લેશું.

●●●

ધ્યાન રાખજો.. ૨૦૨૦માં કોરોનથી ટાર્ગેટ પૂરો ના થતાં કોન્ટ્રાક્ટ બદલાવ્યો લાગે છે..!!

●●●

ભૂકંપ આવે ત્યારે હોમ ક્વોરોન્ટાઈન થયેલા નાગરિકોએ ઘરની બહાર નિકળવાનું કે નહીં?

●●●

આકાશમાં: તીડ
જમીન પર: કોરોના
પાતાળમાં: ધરતીકંપ
દરિયામાં : વાવાઝોડું
ઘરમાં : પત્ની
છતાં મારી આરોગ્ય સેતુ એપ બતાવે છે કે તમે સુરક્ષિત છો..!!

●●●

પ્રભુ અમે ઘરમાં જ છીએ... આમ વારે ઘડીએ ધરતી હલાવીને ચેક ના કરો..!!

## ચિરવિદાય

- સ્વ. ભાનુમતીબેન મનુભાઈ સોલંકી, ઉ.વ. ૬૯, કુબેરનગર, અમદાવાદ
- સ્વ. હિરાબેન ડાહ્યાભાઈ બજાણીયા, ઉ.વ. ૯૦, મુ. રૂપાલ
- સ્વ. પટેલ હિરાબેન મણીલાલ, ઉ.વ. ૮૯, સેકટર-૨૬